ધ રાઈટ્સ ઓફ્ પરસન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની જોગવાઈ મુજબ અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનિકી સેવાઓ)ની કચેરી હેઠળની પોલીસ સબ ઈન્સપેક્ટર (વાયરલેસ) તથા ટેક્નીકલ ઓપરેટરની જગ્યાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી નોકરીમાં અનામતમાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક:પવસ/૧૦૨૦૧૯/૧૦૮૮/અ

સચિવાલય, ગાંધીનગર
તા. ૨૭/૦૮/૨૦૨૧

**વંચાણમાં લીધા:**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૫/૨૦૦૬નો પરિપત્ર ક્રમાંક:અપગ-૧૦૨૦૪૩-આઈ.૫૫/છ-૧

(૨) અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનિકી સેવાઓ)ની કચેરીનો તા.૧૯/૧૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક: એ-૧/ત.સે./સીધી ભરતી/PH/૪૧૫૩/૨૦૧૮.

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૨૯/૦૭/૨૦૨૧ના રોજ મળેલ તજજ્ઞ સમિતિની બેઠક અન્વયે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૧૮/૦૮/૨૦૨૧ની બેઠકની કાર્યવાહી નોંધ ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪)

**ઠરાવ:**

સંદર્ભ ક્રમાંક:(૧)માં દર્શાવેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૯/૦૫/૨૦૦૬ના પરિપત્ર ક્રમાંક:અપગ-૧૦૨૦૪૩-આઈ.૫૫/છ-૧થી વિકલાંગ વ્યક્તિ(સમાન હક્ક, રક્ષણ, અને સંપૂર્ણ સહયોગ) ધારો, ૧૯૯૫ની જોગવાઈ અનુસાર સરકારી સેવાઓમાં ૩% જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ સુનિશ્ચિત કરવામાં આવેલ છે. અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખેલ જગ્યા પર કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમાણૂંક થઈ શકે તે માટે વિચારણા કરવા અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષપદે તજજ્ઞ સમિતિની બેઠક તા.૨૯/૦૭/૨૦૨૧ના રોજ યોજવામાં આવેલ હતી જેમાં ગૃહ વિભાગ હેઠળની જગ્યાઓ બાબતે વિચારણા કરવામાં આવેલ હતી.

૨. ગૃહ વિભાગ હેઠળના અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનિકી સેવાઓ)ની કચેરી, ગાંધીનગર હેઠળની પોલીસ સબ ઈન્સપેક્ટર(વાયરલેસ) તથા ટેક્નીકલ ઓપરેટર વર્ગ-૩, સંવર્ગની જગ્યાઓમાં આ સંવર્ગની કામગીરી/સેવાનો પ્રકાર ધ્યાને લઈ દિવ્યાંગ અનામતમાંથી સંપૂર્ણ મુક્તિ આપવા અંગેની ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ-(૨) પર દર્શાવેલ અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનીકી સેવાઓ)ની કચેરી, ગાંધીનગરના તા.૧૯/૧/૨૦૧૬ના પત્રથી કરાયેલ દરખાસ્તને ધ્યાને લઈને ગૃહ વિભાગ દ્વારા તા.૦૬/૦૫/૨૦૧૯ના રોજ ધ રાઈટ્સ ઓફ પરસન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની જોગવાઇ મુજબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને પેટા તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવા મોકલવામાં આવી હતી. જે સંદર્ભે સમિતિ દ્વારા સમિતિની તા.૨૯/૦૭/૨૦૨૧ના રોજ મળેલ બેઠકમાં અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનિકી સેવાઓ)ની કચેરી, ગાંધીનગર હેઠળની પોલીસ સબ ઈન્સપેકટર (વાયરલેસ) તથા ટેક્નીકલ ઓપરેટર વર્ગ-૩ એમ બન્ને સંવર્ગોને દિવ્યાંગ અનામતમાંથી સંપૂર્ણ મુક્તિની વિભાગની દરખાસ્તનો અસ્વીકાર કરીને નીચે કોષ્ટકમાં દર્શાવેલ દિવ્યાંગતાને માન્ય રાખવામાં આવેલ હોઈ, તદ્નુસાર ઉક્ત બન્ને સંવર્ગો માટે નીચે કોષ્ટકના કોલમ-પમાં દર્શાવેલ દિવ્યાંગતાને માન્ય રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | વર્ગ | વિભાગની દરખાસ્ત | પેટા તજજ્ઞ સમિતિએ મંજુર કરેલ વિકલાંગતા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પોલીસ સબ ઈન્સ્પેકટર (વાયરલેસ.) | ૩ | સંપૂર્ણ મુક્તિ | L.C.(Laprosy Cured) અને AAV (Acid Attack Victims) |
| ૨. | ટેક્નીકલ ઓપરેટર, | ૩ | સંપૂર્ણ મુક્તિ | L.C.( Laprosy Cured ) અને AAV ( Acid Attack Victims ) |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એ.પ્રજાપતિ)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.),સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(તકનિકી સેવાઓ)ની કચેરી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોકનં.૨/૧, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- પ્રિન્સીપલ એકાઉન્ટન્ટ જનરલ.ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- આઈ.ટી.સેલ, ગૃહ વિભાગ (વિભાગની વેબ સાઈટ ઉપર મૂકવાની વિનંતી સાથે)
- સિલેક્ટ ફાઈલ (શાખા/ના.સે.અ.)